# આપનું સપ્તાહ કેવું જશે?

**તા.૩૧/૦૮/૨૦૨૬ થી તા.૦૬/૦૯/૨૦૨૬ સુધી**

**લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ** **મો. નં.: 9825726442**
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં આર્થિક બાબતે યોગ્ય સલાહ લેવી. કોઈની વાતોમાં વ્યવહાર કરવા નહીં. ગુપ્ત શત્રુઓના કાવતરાના ભોગ બની શકો છો. અંગત જીવનમાં એકબીજા પર શંકા-કુશંકા અંતર વધારશે. ખાવા-પીવા બાબતે અંકુશમાં રહેવું. રંગીન-રોમેન્ટીક મુલાકાત થાય. પ્રેમના પ્રસ્તાવની શક્યતા રહે. નવાં રોકાણ થાય. નોકરીમાં પ્રભાવ વધે. પ્રવાસનો હેતુ પાર પડે. સંતાન બાબતે નવી યોજના બને. સંપત્તિની લે-વેચથી લાભ થાય. સાહસિક નિર્ણય લેવાય.



**વૃષભ (બ,વ,ઉ):** સપ્તાહમાં નિયમિત આવકમાં વધારો થાય. સકારાત્મક અને બૌદ્ધિક મહેનતનું ફળ મળે. પ્રેમ જીવનમાં તાલમેળ રાખવો. સામાજિક જીવનમાં યશ મળે. સમાજસેવાનાં કામ થાય. વિદેશમાં વિદ્યાભ્યાસની યોજનામાં મદદ મળે. નોકરી-ધંધા માટે નવી તક ઊભી થાય. સરકારી નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. પારિવારિક સંબંધોમાં વિવાદ ટાળવો. વારસા બાબતે મતભેદ વધે. બચત યોજના બને. પારિવારિક ધંધામાં સાહસિક નિર્ણય લેવાનું બને.




**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ આર્થિક બાબતે સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડે. મિલકત બાબતે પ્રગતિ થાય. પ્રેમ વિવાહની શક્યતા વધે. મિત્રો અને જીવનસાથીનો સાથ મળે. નવાં રોકાણથી લાભ થાય. આરોગ્ય નરમગરમ રહે. પ્રવાસમાં વિઘ્નો આવે. ગુપ્ત ભય સતાવે. સંતાનોથી અશાંતિ પેદા થાય. વિદેશનાં કામ થાય. ધાર્મિક યાત્રાથી શાંતિ મળે. પડવા-વાગવાથી સંભાળવું.



**કર્ક (ડ,હ):** સપ્તાહ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની તકવાળું રહેશે. મનગમતી જગ્યાએ પ્રવેશ મળે. નોકરી-ધંધા અને કુટુંબ પરિવાર બાબતે શુભ સમાચાર મળે. નોકરીમાં નવી જવાબદારીથી દોડધામ વધે. સાથે પ્રભાવ પણ વધશે. ઘર-પરિવાર બાબતે ભવિષ્યની યોજનામાં મિત્રોનો સાથ મળે. વેપાર-ધંધાની નવી શરૂઆત થાય. આવક વધારવાની યોજના બને. પ્રવાસમાં સાવધાન. કોઈ કાવતરાના ભોગ બનવાનું બને. ખર્ચા વધશે.



**સિંહ (મ,ટ):** ચાલુ વીકમાં જૂનાં દર્દો પરેશાની વધારી શકે છે. આંખ, પેટ વગેરેની સમસ્યા સતાવે. ગુપ્ત ભય રહે. વારસા બાબતે પ્રગતિ થાય. મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. ઉચ્ચ શિક્ષણ બાબતે હકારાત્મક પરિણામ આવે. વિદેશનાં કામ થાય. કાયદા કાનૂન બાબતે મદદ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. આવક વધારવાની યોજના પાર પડે. નોકરીમાં નવી તક મળે. મિત્રો અને જીવનસાથી સાથે વિવાદ ટાળવો.



**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ નવા ઘર ખરીદવા માટે અનુકૂળ રહે તેમજ ધંધા વેપારમાં આવક વધે. પારિવારિક પ્રશ્નો હલ થાય. સમાજમાં યશ મળે. કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વારસા, વીમા જેવાં કામ થાય. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય બાબતે સાવધાન રહેવું. બિનજરૂરી ઉપાયોથી બચવું. યાત્રા-પ્રવાસનું આયોજન થાય. વિદેશને લગતાં કામ થાય. વિદ્યાર્થીઓને શુભ સમાચાર મળે. ધંધામાં નવી યોજના પાર પડે.



**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં નોકરીમાં નવી જવાબદારી અને દબાવના કારણે માનસિક અશાંતિ પેદા થાય. સરકારી નોકરિયાતોની પરેશાની વધી શકે એમ છે. દાંપત્ય, કૌટુંબિક અને સામાજિક જીવન ઉત્સાહજનક રહે. ઘરમાં તાલમેળના કારણે અટકેલાં કામ પાર પડે. ઘરમાં શુભ, પ્રસંગનું આયોજન થાય. અવરજવર વધે. આવક વધારવાની યોજનામાં મદદ મળે. ઉઘરાણી આવે. આરોગ્ય બાબતે યોગ્ય નિર્ણય લેવાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.



**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ વિદ્યાર્થીઓ માટે હકારાત્મક રહેશે. પ્રેમવિવાહમાં અનુકૂળતા રહે. જીવનસાથી સાથે સામાજિક જવાબદારી પૂર્ણ થવાથી રાહત રહે. શેર બજારમાં તક મળે. હરીફોથી સાવધાન રહેવું. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. ઉપરી અધિકારીનો સાથ મળે. વિજાતિય મિત્રો સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. નવા ઘર ખરીદવાની યોજનામાં પ્રગતિ થાય. આગ, પાણી, અકસ્માત વગેરેથી સાવધાન રહેવું. પોલીસ લફરાથી બચવું.



**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દરમિયાન કોઈ પણ મહત્ત્વના નિર્ણય પહેલાં યોગ્ય સલાહ લેવી. મકાન-જમીન, મિલકત બાબતે પ્રગતિ થાય. નવાં રોકાણ થાય. બહારના કામમાં ધીરજ રાખવી. સ્ત્રી મિત્રોનો સાથ મળે. પ્રેમમાં વિશ્વાસ વધે. વિદ્યાર્થીઓને મહેનત ફળે. શેર બજારમાં તક મળે. મોજ-શોખના ધંધામાં આવક વધે. આરોગ્ય નરમ રહે. હિત શત્રુઓ સક્રિય બનશે. પરિવાર અને સામાજિક કામમાં ધીરજ રાખવી. ગુસ્સા પર કાબૂ રાખવો.



**મકર (ખ,જ):-** ચાલુ વીકમાં મહેનત અને દોડધામ વધે તેવી જવાબદારી નિભાવવાનું બનશે. પરિવારનાં નાનાં સભ્યોને મદદ કરવાનો મોકો મળશે. નોકરીમાં વહીવટી કુશળતાનો લાભ મળે. નવા ફેરફારથી અનુકૂળતા રહે. મકાન, મિલકત, પ્રવાસ, શિક્ષણ, સમાજ અને વડીલોને લગતા કામની ચિંતા વધશે. મોજ-શોખનો વેપાર લાભદાયક રહેશે. આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.



**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ પારિવારિક સંબંધો માટે અનુકૂળ રહેશે. ઉપરાંત ઉઘરાણી અને નાણાંકીય આયોજન માટે હકારાત્મક રહે. ઘરમાં શુભ પ્રસંગની જવાબદારી નિભાવવાનું બનશે. અનુશાસન અને વહીવટી કુશળતાનો લાભ મળે. હાથ પર અને અટકેલાં કામ પાર પડશે. ઘરમાં વડીલોની ચિંતા સતાવે. ઘરમાં નવા ફેરફાર તેમજ નવા ઘર, વાહન બાબતે પ્રગતિ થાય. પ્રેમમાં ગેરસમજ થાય. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય.



**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહની શરૂઆત અણગમતા પ્રવાસથી થાય. મન અશાંત અને અસ્થિર રહે. પણ નવી જવાબદારી સારી રીતે પાર પાડશો. પારિવારિક સંબંધો મજબૂત બને. કૌટુંબિક વ્યવસાયમાં આવક વધશે. નવા આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. યાત્રા-પ્રવાસ, પર્યટન અને દલાલી, શિક્ષણ જેવા ધંધામાં લાભ થાય, મિત્રોનો સાથ આત્મવિશ્વાસ વધારશે. જમીન, મિલકત, ઘર-મકાન અને વારસા બાબતે પ્રગતિ થાય.

# Gen - Z & Alpha આંદોલન જ્યોતિષની દૃષ્ટિએ

## ભારતમાં ઉદ્‌ભવેલ Gen-Z - Alpha આંદોલન દેશની તાસીર બદલનાર પુરવાર થશે

Gen - Z - લગભગ 1995 થી 2012ની વચ્ચે જન્મેલાં લોકો પર મુખ્યરૂપે બહારી ગ્રહ કે જેનો મોટા ભાગે જનરેશનલ પેઢીગત પ્રભાવ રહે છે તેવા ગ્રહો જેવાં કે પ્લૂટો જે ધન રાશિ કે જેનો સ્વભાવ લક્ષ્યવેધી છે, યુરેનસ કે જેનો સ્વામી

શનિ જે ન્યાય અને દંડના દેવ છે અને નેપ્ચ્યૂન જેના સ્વામી ગુરુ કે જે સપનો કલ્પના, અધ્યાત્મ-અંતર્જ્ઞાન અને કલાસર્જન-અભિવ્યક્તિનો કારક છે. Gen-Z પર આ ગ્રહોનો પ્રભાવ ખૂબ જ ઊંડો અથવા આંતરિક માનવામાં આવે છે. આધુનિક જયોતિષમાં આ ધીમી ગતિના ગ્રહોથી પૂરી પીઢીનો સ્વભાવ નક્કી થાય છે.

Pluto 1995 થી 2008 સુધી ધન રાશિમાં હતો, મંગળના પ્રભાવમાં આવે છે. પ્લુટો બદલાવ અને પુનર્જન્મનો ગ્રહ માનવામાં આવે છે. પાતાલ અને મૃત્યુલોકનાં કારક આ ગ્રહને યમ માનવામાં આવે છે. ધન રાશિ લક્ષ્યવેધી તથા જ્ઞાન અને સ્વતંત્રતા સંબંધ ધરાવે છે. આના કારણે Gen-Z પ્લુટોના પૂર્ણ પ્રભાવમાં આવતી હોવાથી પારંપારિક નિયમોને પડકારે છે. તર્કવિતર્કથી આઝાદી અને સચ્ચાઈની શોધમાં રહે છે. પ્લુટો ગ્રહ બુધ અને શનિનો સમાન મિશ્ર પ્રભાવ ધરાવે છે માટે આધુનિક ટેકનોલોજી સંચાર, કોમ્યુનિકેશન ઉચ્ચ વિચાર કે અંર્તજ્ઞાન અથવા અધ્યાત્મ અને જીવનનાં ગૂઢ રહસ્યોને ઉજાગર કરે છે. પ્લુટો વિસ્ફોટક, ક્રાંતિકારી વિચારો અને પુનરુસ્થાનનો કારક છે. મોટા કાયમી અસર કરનાર અકલ્પનિય બદલાવ આ ગ્રહને આધિન છે અને તેવો બદલાવ લાવનાર પેઢી પેદા કરે છે. ઉપરાંત જગતમાં અથવા પૃથ્વી પર ભયંકર ભૂકંપ જેવી કુદરતી આપદાથી ભૂખંડ પર બદલાવ લાવે છે. પૃથ્વીનો નકશો બદલનાર સાબિત થાય છે.

1997 થી 2012 જન્મેલ Gen-Zમાં આવે છે. 1995 થી 2018 સુધી પ્લુટો ધનરાશિમાં હતો માટે આ જનરેશન રૂઢિવાદી પરંપરાને ચેલેંજ ચુનૌતી આપે છે અને સચ્ચાઇ તથા આઝાદીની શોધમાં પોતાની રીતે આગળ વધે છે. મંગળના પ્રભાવના કારણે સ્વતંત્ર અને નીડર હોવાથી વિજય માટે ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહે છે. અંક જયોતિષ પ્રમાણે Gen-4 અને Z- 7 રાહુ અને કેતુ અને આ બંને સરવાળો 11=2 ચંદ્ર મન અને ભાવના તથા મગજનો કારક છે, આંક 2 પોતાના મિશનને સમર્પિત હોય છે અને પોતાની સાથે જોડાયેલ કે સાથીઓ માટે બલિદાનની ભાવના આપે છે. પોતે પોતાના ભોગે મુસીબતોનો સામનો કરીને પોતાના આશ્રિતોનું રક્ષણ કરે છે અને માનસિક શક્તિ એવી આપે છે કે ભયંકરનો સામનો કરીને પોતાના લક્ષ્યને હાંસિલ કરે છે. તે ક્યારે પણ લક્ષ્યથી ભટકતા નથી. તા. 06-06-2026ના CJP આંદોલનમાં આ વાતની સાબિતી આપણે જોઈએ છીએ. અંક 4 એ રાહુ અને હર્ષ યુરેનસનો છે. સમાજની પરંપરાને બદલવાની ક્ષમતા રાખે છે. ટેકનીક, ઇન્નોવેશન, નવા ફેરફાર ઇન્ટરનેટ અને ડિજીટલ દુનિયામાં સૌથી આગળ અને જીનિયસતા આપનાર છે. પોતાના કામને સમર્પિત અને સમાજ જે કરે તેના ઉલટું કરનાર છે. પોતાના વિષયથી અલગ હટીને કામ કરીને બીજાને અચંબામાં નાખી દે છે. આપણે સી. જે.પી.ના આંદોલનમાં તેમની અનેક વિચિત્ર હરકતો જોઈ છે. પોતાની હરકતોથી પોતાની વિરુદ્ધ વાતાવરણ પેદા કરીને ચર્ચામાં આવે છે. પણ પોતાનો રસ્તો બદલશે નહીં અને અચાનક વિચારો કે વ્યવહાર અથવા કાર્યમાં બદલાવથી પરિણામ હાંસલ કરે છે.

નેપ્ચ્યુન આંક 7 પર પ્રભુત્વ ધરાવે છે. આદર્શવાદ અને માનવતા અને સપનોનો સોદાગર ન્યાયતંત્ર પર પ્રભાવ રાખે છે માટે આજની યુવા પેઢી નવા સામાજિક સુધારામાં માને છે. માટે સમાજ સુધાર, માનવાધિકાર અને દુનિયામાં મોટા પાયે ઉત્સાહપૂર્વક અવાજ ઉઠાવે છે. નેપ્ચ્યુન મૂળ આંક 2 અને મૂળ આંક 7 એમ બેનું સંયુક્ત સ્વામિત્વ ધરાવે છે. કેતુ જયારે ક્રિયાશીલ થાય છે ત્યારે અશક્ય યોજનાઓ સિદ્ધ થાય છે. પોતાનો ધર્મ જાતે નક્કી કરે છે. રહસ્ય અને કલ્પનાની દુનિયાની હકીકત સામે લાવે છે. જે અશક્ય હોય તેને આવી જાય છે. કિશોરાવસ્થા તેમના માટે દિશાશૂન્ય સમાન હોય છે. અપૂર્ણ અને કાલ્પનિક યોજના સમસ્યા પેદા કરે છે. પણ યુવાવસ્થામાં આવતાં જ પરિપકવ બને અને ભૂતકાળની ભૂલો તેમને એક નવી દિશા તરફ લઇ જાય છે અને પોતાની યોજના સિદ્ધ કરે છે અને પછી તેઓ દાર્શનિક બનીને લોકોને રસ્તો બતાવે છે.

**Gen Alpha - 479 = 13 = 4 રાહુ- મંગળના પ્રભાવવાળું આ જનરેશન નવી ક્રાંતિ લાવનાર સાબિત થશે.** હાલના સી. જી. પી. આંદોલનમાં Gen-Z અને Gen-Alphaની શક્તિ દેશમાં પરિવર્તનની હવા પેદા કરી રહી છે. જયોતિષની આધુનિક શૈલી પ્રમાણે પ્લુટો, યુરેનસ અને નેપ્ચ્યુન દેશ અને દુનિયામાં કાયમી અસર કરનાર પરિવર્તન લાવનાર છે અને હાલ દુનિયા આ જનરેશનના શક્તિ આંદોલનથી આંદોલિત છે. માટે દુનિયામાં નવા પરિવર્તનને કોઇ જ રોકી નહીં શકે. અંક જયોતિ પ્રમાણે પ્લુટો 0 શૂન્ય અંકનો માલિક છે જે શૂન્યમાંથી સર્જન કરનાર છે. ઉપરાંત ખાસ અંક 22 અને મૂળ આંક 8 અને 9નો પણ સ્વામી છે. એટલે જ ભારતમાં ઉદ્‌ભવેલ Gen-Z - Alpha આંદોલન દેશની તાસીર બદલનાર પુરવાર થશે. જે લોકો પોતાની સત્તા કાયમ કરવા માંગતા હતા અને અમુક રહિત દેશની કલ્પના કરતા હતા તેમના સ્વપ્ન ચકનાચુર થઇ જશે અને આ જનરેશનના પરિવર્તન પછી આવનાર સત્તાનો પ્રભાવ કાયમ રહેશે અને વર્તમાન સત્તાવાળા બીજી વાર સત્તામાં આવી નહીં શકે. કારણ આ જનરેશનનું પ્રતિનિધિત્વ કરનાર ગ્રહો દેશ અને દુનિયામાં કાયમી અસર કરનાર પરિવર્તન લાવતા હોય છે. Gen-Z- Alpha સત્તા બદલીને જ રહેશે.

**Gen-Z પ્લુટોના પૂર્ણ પ્રભાવમાં આવતી હોવાથી પારંપારિક નિયમોને પડકારે છે. તર્કવિતર્કથી આઝાદી અને સચ્ચાઈની શોધમાં રહે છે**

# આગામી ૭ દિવસ વરસાદની આગાહી

**દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૫૪% વરસાદ; સરદાર સરોવર ૮૭.૯૨% ભરાયું, ૩૭ ડેમ હાઇ એલર્ટ પર**

ગાંધીનગર : ગુજરાતમાં ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદની સ્થિતિ મજબૂત બની છે અને આગામી સાત દિવસ દરમિયાન પણ રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી કરવામાં આવી છે. ૩૦ ઓગસ્ટની સવારના ૬ વાગ્યા સુધીમાં રાજ્યમાં કુલ ૬૮૪.૩૬ મિમી વરસાદ નોંધાયો છે.

જે મોસમના સરેરાશ વરસાદના ૭૫.૩૦ ટકા જેટલો છે. દક્ષિણ ગુજરાતમાં મેઘમહેરને પગલે સરેરાશ કરતાં વધુ ૧૦૩.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૪.૯૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૬.૨૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬.૦૧ ટકા અને કચ્છમાં ૨૯.૨૯ ટકા વરસાદ નોંધાયો છે.

વરસાદના પગલે રાજ્યના જળાશયોમાં પણ પાણીની સ્થિતિ મજબૂત બની છે. સરદાર સરોવર નર્મદા યોજનામાં હાલ ૨,૯૩,૭૨૨ મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ છે, જે કુલ ક્ષમતાના ૮૭.૯૨ ટકા જેટલો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩,૬૯,૯૪૨ મિલિયન ઘનફૂટ એટલે કે ૬૬.૩૧ ટકા પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના ૨૬ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યાં છે, જ્યારે ૩૭ જળાશયો હાઈ એલર્ટ, ૯ એલર્ટ અને ૧૩ જળાશયો વોર્નિંગ પર છે.

દરમિયાન, ભારતીય હવામાન વિભાગની ૩૦ ઓગસ્ટની સાંજની આગાહી મુજબ ૩૧ ઓગસ્ટથી આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ તથા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. ૩૧ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર દરમિયાન ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.

૩ અને ૪ સપ્ટેમ્બરે ઉત્તર તથા દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની શક્યતા રહેશે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની સંભાવના છે. ૫ સપ્ટેમ્બર સુધી પણ વરસાદી માહોલ યથાવત્ રહેવાની આગાહી છે. જોકે, હવામાન વિભાગે ૩૧ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધીના આગામી સાતેય દિવસ માટે ભારે વરસાદની કોઈ ચેતવણી જારી કરી નથી અને તમામ દિવસ માટે હવામાન ચેતવણી 'નિલ' રાખવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ચાર જિલ્લાના ૧૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. વલસાડના કપરાડા અને નાનાપોંઢામાં સૌથી વધુ ૮-૮ મિમી, વાપીમાં ૭ મિમી અને ડાંગ-આહવામાં ૫ મિમી વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉત્તર ગુજરાત અને કચ્છમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

ચોમાસા દરમિયાન ભારે વરસાદની સ્થિતિમાં રાજ્ય તંત્ર દ્વારા અત્યાર સુધીમાં ૮૪,૩૧૮ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને ૯,૮૨૨ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. નવસારી, વલસાડ અને સુરત સહિતના વિસ્તારોમાં મોટા પાયે સ્થળાંતર અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં એનડીઆરએફની ૧૧ ટીમ અને એસડીઆરએફની ૩૦ ટુકડીઓ તૈનાત રાખવામાં આવી છે.

જિલ્લાવાર વરસાદમાં દક્ષિણ ગુજરાત મોખરે રહ્યું છે. સિઝન દરમિયાન વલસાડમાં ૨,૭૭૨ મિમી, ડાંગમાં ૨,૩૮૨ મિમી, નવસારીમાં ૨,૩૨૦ મિમી અને સુરતમાં ૧,૬૦૫ મિમી વરસાદ નોંધાયો છે. વલસાડમાં આ વરસાદ સરેરાશના ૧૧૬.૪૧ ટકા, ડાંગમાં ૧૦૨.૯૧ ટકા, નવસારીમાં ૧૨૨.૦૬ ટકા અને સુરતમાં ૧૦૬ ટકા જેટલો વરસાદ પડ્યો છે.

**નેપાળમાં ગુજરાતના ૨૦થી વધુ યાત્રી હજી પણ સંપર્કવિહોણા**

# વલસાડના રોમા ઇંટવાળા અને અમરેલીના કામતાપ્રસાદ સુરક્ષિત

**બંને** ૬ સપ્ટેમ્બરે અયોધ્યા પરત ફરે તેવી શક્યતા

**ભૂસ્ખલનમાં** સંચાર વ્યવસ્થા ખોરવાઇ જતાં સંપર્ક થઇ શકતો નથી

ગાંધીનગર : નેપાળમાં ભારે પૂર અને ભૂસ્ખલનના પગલે કૈલાશ માનસરોવર યાત્રાએ ગયેલા ગુજરાત અને ગુજરાતી મૂળના ૨૦થી વધુ યાત્રીકો સંપર્કવિહોણા બનતાં તેમના પરિવારોમાં ભારે ચિંતા વ્યાપી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (એસઈઓસી) અને વિવિધ જિલ્લા તંત્રને મળેલી વિગતો મુજબ, નેપાળ-તિબેટ સરહદ નજીક રસુવાગઢી, ફ્રેન્ડશિપ બ્રિજ, ટિમુરે અને ભોટે કોશી નદીના વિસ્તારમાં પૂર તથા ભૂસ્ખલનના કારણે રસ્તાઓ અને સંચાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. પરિણામે ૨૪થી ૪૮ કલાકથી અનેક યાત્રીકોનો સંપર્ક થઈ શક્યો નથી. ઉપલબ્ધ સરકારી વિગતોમાં ગુજરાત અને ગુજરાતી મૂળના કુલ ૨૬ લોકો અંગે સંપર્કવિહોણા અથવા ગુમ થયાની નોંધ છે.

સંપર્ક વિહોણા યાત્રીકોમાં અમદાવાદના કિનરી પટેલ, મિહિર પટેલ, અશોકભાઈ ધીરજલાલ કાપડી, અમિતા અમીન, તેજલ પટેલ અને જિતેન્દ્ર પટેલ સહિતના લોકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આણંદ-ખેડા વિસ્તારના બિમલકુમાર પટેલ, જેમીનાબેન પટેલ, ઉમેશ ભોગીલાલ પટેલ, આકાંક્ષાબેન પટેલ અને ઈશાન પટેલ અંગે પણ સંપર્ક થઈ શક્યો નથી. કેટલાક યાત્રીકો અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકાના નાગરિકત્વ ધરાવતા ભારતીય મૂળના હોવાનું તંત્રની વિગતોમાં નોંધાયું છે.

સુરતના પરેશભાઈ નટવરલાલ પટેલ, જ્યોતિબેન પરેશભાઈ પટેલ, મીનાક્ષીબેન સંજયભાઈ રમણી અને ભાવિકા રમજી સહિતના યાત્રીકો અંગે પણ છેલ્લા ૪૮ કલાકથી સંપર્ક થઈ શક્યો નથી. સુરત સાથે સંકળાયેલા અન્ય યાત્રીકો અંગે પણ તંત્ર દ્વારા વિગતો મેળવવામાં આવી રહી છે.

દરમિયાન, રાહતના સમાચારરૂપે વલસાડના રોમા દિલીપભાઈ ઇંટવાળા નેપાળમાં સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે. બીજી તરફ અમરેલીના જાફરાબાદના ચૌહાણ કામતાપ્રસાદ બાબુલાલ (ગોમતીબાપુ) જનકપુરના સ્થાનિક આશ્રમમાં સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. તેઓ ૬ સપ્ટેમ્બરે અયોધ્યા પરત ફરવાના હોવાનું તંત્રને જણાવાયું છે.

આ તરફ અમદાવાદના સાબરમતી વિસ્તારના મૂળ વતની અને ઓસ્ટ્રેલિયન નાગરિક અર્પણ મિથાલાલ કોઠારી પણ ટિમુરે વિસ્તારમાંથી સંપર્કવિહોણા થયા છે. અહેવાલ મુજબ તેઓ ૨૬ ઓગસ્ટે સવારે રસુવાગઢી-તિબેટ સરહદ તરફ જવાની તૈયારીમાં હતા ત્યારે પૂર આવ્યું હતું. તેઓ અન્ય ઓસ્ટ્રેલિયન યાત્રીકો સાથે ટિમુરેની એક લોજમાં રોકાયા હતા.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને એસઈઓસી દ્વારા નેપાળ સ્થિત ભારતીય દૂતાવાસ તેમજ સંબંધિત યાત્રા સંચાલકો સાથે સતત સંપર્ક સાધવામાં આવી રહ્યો છે. સંપર્કવિહોણા યાત્રીકોની સ્થિતિ અંગે માહિતી મેળવવા તથા બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવવા પ્રયાસો હાથ ધરાયા છે. જોકે પૂર અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વિસ્તારોમાં માર્ગ અને સંચાર વ્યવસ્થા ખોરવાયેલી હોવાથી યાત્રીકો અંગેની માહિતી તબક્કાવાર મળી રહી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### પૂર હોનારત :...

104, ભારતના 49, લાતવિયાના 33, અમેરિકાના 18, બ્રિટનના 15 સહિત વિવિધ દેશોના પ્રવાસીઓનો સમાવેશ થાય છે. ચીન અને ભારત વચ્ચેના સંબંધોમાં સુધારો થયા બાદ મોટી સંખ્યામાં ભારતીય શ્રદ્ધાળુઓ કૈલાશ માનસરોવર યાત્રામાં ભાગ લેવા તિબેટ ગયા હતા. દરમ્યાન, આ વિનાશક ઘોડાપૂરમાં ચીનની બાજુએ તિબેટમાં નેપાળ સરહદ નજીકના અસરગ્રસ્ત વિસ્તારમાં મૃત્યુઆંક રવિવારે વધીને 16 થયો છે, જ્યારે ૫૦૦થી વધુ લોકો હજી લાપતા છે એમ ચીનના અધિકારીઓએ આપેલી માહિતી પરથી જાણવા મળ્યું હતું.

### ભારત-ઉઝબેકિસ્તાન...

લીધો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે પુષ્ટિ કરી હતી કે ભારત અને ઉઝબેકિસ્તાન લાંબા ગાળાની યુરેનિયમ સપ્લાય વ્યવસ્થા સ્થાપિત કરશે, જે લાંબા ગાળા માટે ભારતની પરમાણુ ઊર્જા યોજનાઓને ટ્રેક પર રાખવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે. પીએમ મોદી ઉઝબેકના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવને મળ્યા બાદ આ જાહેરાત કરવામાં આવી હતી. બંને પક્ષોએ ખાણકામ અને પ્રવાસન સહિતના અનેક મહત્વના ક્ષેત્રોમાં સહકાર વધારવા માટે ૧૧ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. આ ઉપરાંત, નાગરિક પરમાણુ ઉર્જા ક્ષેત્રે સહયોગના ભાગરૂપે ઉઝબેકિસ્તાનથી ભારતને યુરેનિયમના લાંબા ગાળાના પુરવઠા માટેનું માળખું સ્થાપિત કરવા સંમતિ દર્શાવી હતી. મોદી-મિર્ઝિયોયેવ વચ્ચેની વાટાઘાટોમાં વેપાર, રોકાણ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મહત્વપૂર્ણ ખનિજો, ખાણકામ, સંરક્ષણ અને સુરક્ષા, કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ, આરોગ્ય, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, યુપીઆઈ સહિત ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગ વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીએ તેમના પ્રેસ નિવેદનમાં જણાવ્યું હતું કે બંને પક્ષોએ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપારમાં ૫ અબજ યુએસ ડોલરનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. બંને દેશો વચ્ચે હાલમાં દ્વિપક્ષીય વેપાર ૧ અબજ યુએસ ડોલરથી વધુ છે. બંને નેતાઓએ ભારત-ઉઝબેકિસ્તાન વ્યૂહાત્મક સંબંધોને 'વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી'માં બદલવાની જાહેરાત કરી હતી, જે સહયોગની વધતી ઊંડાઈ અને વિસ્તરતી સીમાઓને દર્શાવે છે. મોદી અને મિર્ઝિયોયેવ ખાણકામ, સંસ્કૃતિ, શિક્ષણ, પ્રવાસન, આયુર્વેદ જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેતા કરારોની આપ-લેના સાક્ષી બન્યા હતા. મોદીએ કહ્યું, કે એક મજબૂત ભારત-ઉઝબેકિસ્તાન ભાગીદારી મધ્ય એશિયામાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે એક શક્તિશાળી બળ બનશે. બંને પક્ષો વચ્ચે ભવિષ્યના સહયોગના મહત્વાકાંક્ષી એજન્ડા પર ચર્ચા કરતા મોદીએ જણાવ્યું હતું કે ભારત અને ઉઝબેકિસ્તાન તેમના સંરક્ષણ ઉદ્યોગોને લશ્કરી સાધનોના સહ-વિકાસ અને સહ-ઉત્પાદન તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરશે. વેપાર અને રોકાણ અંગે તેમણે જણાવ્યું હતું કે માર્કેટ એક્સેસ, બેંકિંગ, પેમેન્ટ સિસ્ટમ્સ અને કનેક્ટિવિટી સંબંધિત મુદ્દાઓને રચનાત્મક રીતે ઉકેલવામાં આવશે.

### નેપાળ પૂર હોનારતમાં...

જ્યારે પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮,૭૩૦ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. નેપાળના શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રાથમિક આંકડા અનુસાર, પૂરથી પ્રભાવિત ત્રણ જિલ્લાઓની વિવિધ શાળાઓના ૨૩૮ વિદ્યાર્થીઓ અને ૧૮ શિક્ષકો પણ ગુમ થયેલા લોકોમાં સામેલ છે.

દરમ્યાન, એક નિવેદનમાં, નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીએ ચેતવણી આપી હતી કે નદીમાં પાણીનું સ્તર ફરી વધી ગયું છે. NDRRMAએ રવિવારે જણાવ્યું હતું કે, "પૂરગ્રસ્ત ભોટેકોશી નદીમાં પાણીનું સ્તર અમુક અંશે વધ્યું છે; તમામ સંબંધિત લોકોને સાવચેતીના પગલાં લેવા વિનંતી કરવામાં આવે છે." એજન્સીએ જણાવ્યું હતું કે વધારાની માહિતી મળ્યા બાદ તે પરિસ્થિતિ અંગે અપડેટ્સ આપશે. ઝાપટાં સ્વરૂપે વરસાદ અને પાણીના વધતા સ્તર વચ્ચે શોધ અને રાહત કામગીરી આગળ વધી રહી છે, ત્યારે આ હિમાલયન દેશમાં ફ્લેશ ફ્લડ પછી મૃતદેહો મળવાનું ચાલુ રહ્યું હતું. ૨૬ ઓગસ્ટે હિમાલયમાં ગ્લેશિયર તૂટી પડ્યા બાદ ચીન તરફ એક તળાવ બનતા નેપાળમાં ફરી પૂર આવવાની ભીતિ સેવાઇ રહી હતી. જો કે, ચીની મીડિયા અહેવાલો અનુસાર, શનિવારે બારિયર લેકનું કદ ઘટવાનું શરૂ થતાં તે તૂટવાનો મોટો ખતરો ઓછો થતો જણાતો હતો.

### નેપાળના હાઇડ્રોપાવર...

કાટમાળથી બંધ થઈ જવા, ક્ષતિગ્રસ્ત માળખાકીય સુવિધાઓ, મુશ્કેલ ભૂપ્રદેશ અને પ્રતિકૂળ હવામાનને કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે, જેથી નેપાળે ભારત, ચીન અને અન્ય દેશો પાસે વિશેષ મદદ માંગી છે. 'ઇન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર્સ એસોસિએશન ઇન નેપાળ'(IPPAN)ના જણાવ્યા અનુસાર, ૨૬ ઓગસ્ટે આવેલા પૂર બાદ બંને જિલ્લાના નવ હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં શરૂઆતમાં ૮૯૮ કામદારો અને કર્મચારીઓ સંપર્ક વિહોણા થયા હોવાના અહેવાલ હતા. સ્થાનિક મીડિયાના અહેવાલોમાં IPPANને ટાંકીને જણાવાયું છે કે, તેમાંથી ૩૬૧ લોકોને ઉગારી લેવામાં આવ્યા છે, જ્યારે ૫૩૭ લોકો હજુ પણ ગુમ છે. સૌથી ગંભીર સ્થિતિ રસુવામાં આવેલા ૨૧૬ મેગાવોટના 'અપર ત્રિશુલી-૧' હાઇડ્રોપાવર પ્રોજેક્ટમાં છે, જ્યાં ૩૦૦ લોકો પ્રોજેક્ટની ટનલ અંદર ફસાયેલા હોવાની આશંકા છે.

### પીએમ મોદીને...

તેમના વક્તવ્યમાં મોદીએ કહ્યું હતું કે, "ઉઝબેકિસ્તાનના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત થવું એ મારા માટે ખૂબ જ ગર્વની વાત છે." મોદીએ કહ્યું કે, ભારતના લોકો આ પુરસ્કાર માટે વપરાતા શબ્દ - 'દોસ્તલિક' થી ખૂબ જ પરિચિત છે. મોદીએ કહ્યું, "ભારતમાં ભાગ્યે જ એવો કોઈ પરિવાર હશે જ્યાં દિવસમાં સો વાર 'દોસ્તલિક' શબ્દ બોલાતો ન હોય. આજે, તમે ખરેખર તેનો અસલી અર્થ સામે લાવ્યા છો. 'દોસ્તલિક' એટલે મિત્રતા. આ શબ્દ ખુદ જ ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચેના સંબંધોના હૃદયમાં રહેલી ભાવનાને સુંદર રીતે વ્યક્ત કરે છે." મોદીએ કહ્યું કે, આ એવોર્ડ મેળવવો એ તેમનું વ્યક્તિગત સન્માન નથી પરંતુ 1.4 અબજ ભારતીયોનું સન્માન છે. પીએમ મોદીએ કહ્યું, "તમામ ભારતીયો વતી હું ઉઝબેકિસ્તાનના લોકો, સરકાર અને મારા વહાલા મિત્ર રાષ્ટ્રપતિનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું અત્યંત નમ્રતા સાથે આ સર્વોચ્ચ સન્માન સ્વીકારું છું અને તેને આપણા બંને દેશો વચ્ચેની સદીઓ જૂની મિત્રતા અને આપણી સહિયારી વિરાસતને સમર્પિત કરું છું."

### ભારત રશિયા માટે...

કાચા માલ એવા ક્રૂડ ઓઇલની મોટાભાગની જરૂરિયાતો પૂરી કરવા માટે રશિયા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અખાતી દેશોમાં સંઘર્ષના કારણે અન્ય સ્ત્રોતોમાંથી પુરવઠો ઘટતાં ભારતે રશિયન ક્રૂડ ઓઇલની ખરીદીમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. ભારતે જૂન અને જુલાઈ મહિનામાં રશિયા પાસેથી દૈનિક 26 લાખ બેરલથી વધુ ક્રૂડ ઓઇલની આયાત કરી હતી, જે ફેબ્રુઆરીમાં નોંધાયેલા સૌથી ઓછા 1 મિલિયન bpd સ્તરથી વધુ છે. આ સાથે ભારતની કુલ ક્રૂડ આયાતમાં રશિયા હિસ્સો અડધાથી વધુ થઈ ગયો છે. એવી શક્યતા છે કે રશિયાને નિકાસ કરવામાં આવેલું ઇંધણ રશિયન ક્રૂડમાંથી જ બનાવવામાં આવ્યું હોઈ શકે છે. ઓગસ્ટમાં રશિયા જ્યારે સ્થાનિક ઇંધણ પુરવઠા અને માંગ વચ્ચેની વધતી અસમાનતાનો સામનો કરી રહ્યું હતું ત્યારે ભારત, તુર્કી અને મોરોક્કોએ રશિયાને ગૅસોલિનનો પુરવઠો પૂરો પાડ્યો હતો.

### મણિપુરના નોનેમાં...

ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, શનિવારે વહેલી સવારે ઝેલિયાંગરોંગ યુનાઈટેડ ફ્રન્ટ-કામસોન (ઝેડયુએફ-કે) અને ઝેલિયાંગરોંગ યુનાઈટેડ ફ્રન્ટ-જેનચુઇ (ઝેડયુએફ-જે) જૂથોના કેડર વચ્ચે થયેલી અથડામણમાં એકનું મોત થયું હતું અને છ ઘાયલ થયા હતા. મે 2023થી મણિપુરમાં ખીણ આધારિત મૈતેઈ અને ટેકરી જિલ્લાઓમાં રહેતા કુકીઓ વચ્ચેની વંશીય હિંસાને કારણે ઓછામાં ઓછા 260 લોકો માર્યા ગયા છે અને 58,800થી વધુ લોકો બેઘર બન્યા છે.

### ખામેનેઇની મુસ્લિમ...

ગલ્ફના અરબ શાસકોને સંબોધતા પૂછ્યું કે જો ગલ્ફના લોકો અને સરકારો ઇસ્લામના ધ્વજ નીચે એક થઈ ગયા હોત", તો શું ઓળખ વગરના ગુંડાઓ તેમની જમીનો અને સંપત્તિઓ પર ડોળ ઘોળવાની હિંમત કરી શક્યા હોત? ખામનેઈએ કહ્યું, ઇસ્લામિક દેશો, ખાસ કરીને પશ્ચિમ એશિયા અને ગલ્ફના દેશોના શાસકોને મારી ખાસ અને વારંવારની ભલામણ છે કે તમારા વાસ્તવિક દુશ્મનને ઓળખો, તેની યોજનાને સમજો અને તેનો સામનો કરો. અત્રે ઉલ્લેખનીય છે કે ઇરાનમાં ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિ પછી આ દેશના રાજાશાહી વિરોધી ઉચ્ચારણો અને ક્રાંતિવાદી વિચારધારા કેટલાક અખાતી દેશોને ઇરાનને પોતાના માટે ખતરા સમાન જોવા પ્રેરી ગયા હતા.

### વિવિધતામાં એકતા...

દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' (વૈશ્વિક એકતા ઉત્સવ) ખાતે ઉપસ્થિત લોકોની તાળીઓ વચ્ચે તેમણે કહ્યું, જ્યારે આપણે અમેરિકા, એટલે કે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા કહીએ છીએ, ત્યારે એક શબ્દ પર વારંવાર ચર્ચા થાય છે, અને તે છે બહુલતાવાદ. અને જ્યારે આપણે ભારત કહીએ છીએ, ત્યારે એક બીજો શબ્દપ્રયોગ ચર્ચામાં આવે છેઃ વિવિધતામાં એકતા. સ્વામી વિવેકાનંદના એ સંદેશનો ઉલ્લેખ કરતા કે દરેક રાષ્ટ્ર પાસે પૂર્ણ કરવા માટે એક મિશન અને પ્રાપ્ત કરવા માટે એક લક્ષ્ય હોય છે, સંઘ પ્રમુખે કહ્યું, ભારત માટે આ વિવિધતા અને એકતા, બંને તેના ડીએનએમાં છે. લગભગ એક કલાક લાંબા સંબોધનમાં તેમણે વધુમાં કહ્યું, વિવિધતાને ઉત્સવની જેમ ઉજવવી જોઈએ, તેનો આદર કરવો જોઈએ, તેને સ્વીકારવી જોઈએ અને સાથે જ આપણે એકતાની આ ભવ્ય ભાવનાને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. આ એક ખૂબ જ વાસ્તવિક ભાવના છે. ભાગવતે એમ પણ કહ્યું હતું કે મુસ્લિમો સાથેના સંવાદમાં તેમને મુસ્લિમો અંગે તેમના વિચાર અંગે અને આરએસએસ ભારતમાંથી મુસ્લિમોને કાઢી મૂકવા માગે છે કે કેમ? તે પૂછવામાં આવ્યું હતું ત્યારે તેમણે કહ્યું હતું કે જો કોઇ હિન્દુ એમ કહે કે ભારતમાં મુસ્લિમો નહીં હોવા જોઇએ, તો તે હિન્દુ જ નથી. આ 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમમાં અમેરિકાના 39 રાજ્યો, 853 શહેરોમાંથી લોકો, વિવિધ યુનિવર્સિટીઓના 250 થી વધુ વિદ્યાર્થીઓ અને 250 થી વધુ સંસ્થાઓ એકત્ર થઈ હતી. 75 વર્ષીય સંઘ પ્રમુખે યુ.એસ.માં વસતા ભારતીય સમુદાયને પોતાની "કર્મભૂમિ" પ્રત્યે વફાદાર રહેવા માટે પણ આહ્વાન કર્યું હતું. હાજર રહેલા લોકોની તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે કહ્યું, આપણી ફરજ શું છે? આપણે અમેરિકામાં છીએ. આપણે અમેરિકામાં રહીએ છીએ. આપણે અમેરિકામાં કમાઈએ છીએ. તેથી આપણે પણ અમેરિકાનો જ ભાગ છીએ, અને આપણે અમેરિકા પ્રત્યે સનિષ્ઠ રહીને વર્તવું જોઈએ. વધુમાં કહ્યું કે જ્યારે કે ભારત તેમની જન્મભૂમિ છે, જો તેમનામાં કંઈક કરવાની તીવ્ર ઈચ્છા હોય અને તેઓ તેમની કર્મભૂમિ પ્રત્યેની ફરજ પૂરી કર્યા પછી તે કરી શકે, તો તેના પર કોઈ મનાઈ નથી, પરંતુ તે ફરજિયાત પણ નથી. તમારી જન્મભૂમિ એવી અપેક્ષા રાખે છે કે તેણે તમને જે મૂલ્યો આપ્યા છે તે મુજબ તમે જીવન જીવો. અને તે મૂલ્ય છે 'એકતા'.

### વિવિધ ધર્મોના નેતાઓએ પણ પ્રવચનો કર્યા

ભાગવતે તેમનું મુખ્ય પ્રવચન આપ્યું તે પહેલાં, સર્વધર્મ નેતાઓએ એકતા, વિવિધતા, દયા, કરુણા અને એકબીજાને મદદ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ વક્તાઓમાં રબ્બીનિકલ એસેમ્બલીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રબ્બી જેકબ બ્લુમેન્થલ; ન્યૂ યોર્ક સિટીના ઐતિહાસિક રિવરસાઇડ ચર્ચના આઠમા વરિષ્ઠ મંત્રી અને આ પદ સંભાળનાર પ્રથમ આફ્રિકન અમેરિકન મહિલા રેવરન્ડ એડ્રિયન થોર્ન; તેમજ વોશિંગ્ટન, ડીસીની ઐતિહાસિક મસ્જિદ જેને 'ધ નેશન્સ મોસ્ક' પણ કહેવામાં આવે છે, તેના પ્રમુખ અને ઈમામ તાલીબ શરીફનો સમાવેશ થતો હતો. કાર્યક્રમ શરૂ થતા પહેલા ભારતીય બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

### વિપક્ષનો ભાગવત...

ડીએનએમાં છે. તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ હિન્દુ એવું વિચારે છે કે ભારતમાં મુસ્લિમો ન હોવા જોઈએ, તો તે હિન્દુ રહેશે નહીં. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અન્ય વિરોધ પક્ષોએ કહ્યું કે ભાગવતે આ વાત ભાજપના નેતાઓને અને "હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે નફરત ફેલાવતા" સંગઠનોને સમજાવવી જોઈએ. અમેરિકામાં આપવામાં આવેલા આ નિવેદન પર પ્રતિક્રિયા આપતાં કોંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે કહ્યું કે ભાગવતે જુઠ્ઠું બોલવાનું બંધ કરવું જોઈએ અને આરોપ લગાવ્યો કે RSSના DNAમાં નફરત અને કોમવાદ છે. એક અગ્રણી વિપક્ષી અવાજ અને વરિષ્ઠ વકીલ સિબલે ભાગવત પર પ્રહાર કરતા કહ્યું, તમે વિદેશમાં વિવિધતાનો સ્વીકાર કરો છો; પરંતુ દેશમાં વિવિધતાને સહન કરતા નથી. TMC સાંસદ સાગરિકા ઘોષે કહ્યું કે એક "ચિંતાજનક દંભ" જોવા મળી રહ્યો છે અને તેમણે ભાગવતને "બૌદ્ધિક અને નૈતિક રીતે અપ્રમાણિક" ન બનવા વિનંતી કરી. તેમણે કહ્યું કે વિદેશમાં આપેલા ભાષણો સાથે ભારતમાં થતા કાર્યો મેળ ખાવા જોઈએ. AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ પણ RSS વડા પર આકરા પ્રહારો કર્યા. આ RSSની જૂની યુક્તિ છેઃ કેટલાક શબ્દો વિશ્વ માટે હોય છે, અને કેટલાક તેના પોતાના સભ્યો માટે. RSS એ ક્યારેય તેના મુખ્ય વિચારકો અને લેખકોના વિચારોને અસ્વીકાર કર્યો નથી. તેઓ મુસ્લિમો અને અન્ય લઘુમતીઓ વિશે શું કહે છે? CPI(M) નેતા અને કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પીનારાયી વિજયને કહ્યું કે ન્યુયોર્કમાં મોહન ભાગવત "એક માનવતા", સમાન ગૌરવ અને એવા હિન્દુત્વની વાત કરે છે જે દરેક મનુષ્યનો સ્વીકાર કરે છે, પરંતુ દેશમાં, દલિતો અને અલ્પસંખ્યકો પર અત્યાચારો દરરોજ નોંધાય છે. શિવસેના(યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું હતું કે ભાગવતે આ નિવેદન અમેરિકાને બદલે ભારતમાં કરવું જોઇએ.

જોકે, ભાજપના નેતાઓએ ભાગવતના નિવેદનની પ્રશંસા કરી અને અમેરિકાથી આપેલા તેમના સંદેશને બિરદાવ્યો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે સહિષ્ણુતા હિન્દુઓના લોહીમાં છે, અને તે હિન્દુત્વનું મૂળભૂત પાસું છે. ભાજપના નેતા મહેશ જેઠમલાણીએ ભાગવતના નિવેદનની પ્રશંસા કરી અને ન્યુયોર્કના મેયર ઝોહરાન મમદાની પર નિશાન સાધ્યું, જેઓ ભાગવતની ચાલુ યુએસ મુલાકાત દરમિયાન RSSના ટીકાકાર રહ્યા છે. ભાજપ નેતા શાહનવાઝ હુસેને કહ્યું હતું કે ભાગવતે અમેરિકાથી ઘણો અગત્યનો સંદેશ આપ્યો છે.

### હિમાચલ પર પણ...

ઓળખાયેલા 67 તળાવોની મોટી સંખ્યા ચોક્કસપણે ચિંતાનું કારણ છે. સ્ટેટ સેન્ટર ફોર ક્લાઈમેટ ચેન્જ ખાતે, અમે 10 હેક્ટરથી વધુ વિસ્તાર ધરાવતા 67 તળાવોની ઓળખ કરી છે. આવી પરિસ્થિતિ વિકસી રહી છે કે કેમ તે જોવા માટે અમે સેટેલાઇટ અને અન્ય ડેટાનો ઉપયોગ કરીને તેમનું વિશ્લેષણ કરી રહ્યા છીએ. ગ્લેશિયલ લેકમાં અથવા તેની આસપાસ સંગ્રહિત પાણી અચાનક બહાર નીકળી જાય છે અને મોટા પ્રમાણમાં પાણી નીચે તરફ છોડે છે ત્યારે ગ્લેશિયલ લેક ફાટે છે. આ ઘટનાઓ અચાનક પૂરનું કારણ બની શકે છે, જે ખીણોમાં વસાહતો માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે , માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચાડી શકે છે અને નીચેની ખીણોમાં વસાહતો માટે ગંભીર ખતરો ઉભો કરી શકે છે. રાણાએ જણાવ્યું હતું કે હિમાલય ક્ષેત્રમાં તાજેતરની ઘટનાઓએ દર્શાવ્યું છે કે ફક્ત વરસાદની આગાહીના આધારે આવી ઘટનાઓની આગાહી કરવી મુશ્કેલ છે. તેથી, રાજ્ય સંવેદનશીલ તળાવો, ખાસ કરીને દુર્ગમ વિસ્તારોમાં સ્થિત તળાવોનું સતત નિરીક્ષણ કરવા માટે તકનીકી ઉકેલો શોધી રહ્યું છે.

### સતલજ અને સ્પીતી...

ફેરફારો તેમજ ગ્લેશિયલ લેકની સંખ્યા અને કદનું દસ્તાવેજીકરણ કર્યું છે. ઉચ્ચ-રીઝોલ્યુશન ઉપગ્રહ છબીઓની ઉપલબ્ધતાએ નાના પાણીના સ્ત્રોતોની શોધમાં વધુ સુધારો કર્યો છે અને તેમના હદમાં થતા ફેરફારોનું વધુ સચોટ નિરીક્ષણ કરવાની મંજૂરી આપી છે. આવા વૈજ્ઞાનિક દેખરેખ જરૂરી છે કારણ કે ગ્લેશિયલ લેકની સંખ્યામાં અથવા કદમાં વધારો, આસપાસના હિમનદીઓમાં ફેરફાર, અસ્થિર મોરેન ડેમ અને અન્ય ભૌતિક ફેરફારો વધતા જોખમો સૂચવી શકે છે.

જોકે, વ્યક્તિગત તળાવોને નિકટવર્તી GLOF ખતરો તરીકે વર્ગીકૃત કરતા પહેલા સ્થળ-વિશિષ્ટ મૂલ્યાંકનની જરૂર છે. રાણાએ જણાવ્યું હતું કે તેથી ઉપગ્રહ ડેટા રાજ્યની દેખરેખ વ્યૂહરચનાનો એક આવશ્યક ઘટક રહેશે.

### સરહદની ભારતીય બાજુએ...

કે હિમાલય નદી પ્રણાલીઓ અને હિમનદી વિસ્તારો આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર ફેલાયેલા છે. તેમણે જણાવ્યું હતું કે સરહદની ભારતીય બાજુએ આવા આશરે 1,000 તળાવો છે, અને શું થઈ રહ્યું છે અને કેવી રીતે થઈ રહ્યું છે તે સમજવા માટે, આપણને ચોક્કસપણે આંતરરાષ્ટ્રીય માહિતી અને આદાનપ્રદાનની જરૂર છે. તેમણે ઉચ્ચ-ઊંચાઈવાળા વિસ્તારો અને ઉપરના પ્રવાહની નદી પ્રણાલીઓમાં વિકાસ વિશે માહિતી શેર કરવાના મહત્વ પર ભાર મૂક્યો, ખાસ કરીને જ્યાં ફેરફારો નીચે તરફની વસ્તીને અસર કરી શકે છે.